Gujarati

# NHS સર્વિકલ સ્ક્રિનિંગ

# તમારે નક્કી કરવામાં સહાય માટે



પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ (PHE) એ આ પત્રિકા NHS વતી બનાવી છે.

સર્વાઇકલ સ્ક્રિનિંગ ટેસ્ટ કરાવવું કે નહીં તે તમારી પસંદગી છે. આ પત્રિકાનો હેતુ તમને નક્કી કરવામાં સહાય કરવાનો છે. સર્વિકલ સ્ક્રિનિંગને 'સ્મિયર ટેસ્ટ' કહેવામાં આવતો હતો.

## અમે સર્વિકલ સ્ક્રીનીંગનો પ્રસ્તાવ કેમ આપીએ છીએ

NHS સર્વિકલ સ્ક્રિનિંગ સર્વિકલ કેન્સરને અટકાવવામાં મદદ કરે છે. તે UK માં દર વર્ષે સર્વિકલ કેન્સરથી હજારો લોકોને બચાવે છે.[1,2] ઇંગ્લેંડમાં સર્વિકલ સ્ક્રિનિંગ હાલમાં સર્વિકલ કેન્સરથી થતી 70% મૃત્યુને અટકાવે છે. જો દરેક વ્યક્તિ નિયમિત રૂપે સ્ક્રીનીંગમાં હાજરી આપે, તો 83% સુધી અટકાવી શકાય. [3]

## અમે કોને આના માટે કહીએ છીએ

અમે 25-49 વર્ષની વય માટે દર 3 વર્ષે અને 50 થી 64 વર્ષની વય માટે દરે 5 વર્ષે સર્વીકલ સ્ક્રીનીંગ ના પ્રસ્તાવ કરીએ છીએ. આ એટલા માટે છે કેમ કે મોટાભાગના સર્વિકલ કેન્સર આ જ વય વચ્ચે વિકસિત થાય છે. એના માટે પહેલું આમંત્રણ વ્યક્તિ ના 25વર્ષ ના વય પૂર્ણ થવાના થોડાક મહિના પેલા આપવામાં આવે છે. તમારે આમંત્રણ મળતા જ તમે તમારી મુલાકાત માટે બુકિંગ કરાવી શકો છો. અમે અગાઉના સ્ક્રીનીંગ પરિણામને લીધે (જુઓ પાનું 9) કેટલાક લોકોને અન્ય કરતા વધારે વખત આમંત્રિત કરીએ છીએ.


તમારે તમારા લૈંગિક અભિગમ, જાતીય ઇતિહાસ, અથવા HPV રસીકરણ હોવા છતાં સ્ક્રીનિંગ કરાવવાનું ધ્યાનમાં લેવું જોઈએ.

જો તમે ટ્રાન્સજેન્ડર કે (ટ્રાંસ) માણસ છો અને તમારા GP સાથે સ્ત્રી તરીકે નોધાયેલું છો, તો અમે તમને સર્વિકલ સ્ક્રિનિંગ માટે આમંત્રણો મોકલીશું. જો તમે પુરૂષ તરીકે નોંધાયેલા છો તો તમને આમંત્રણો પ્રાપ્ત થશે નહીં, પરંતુ જો તમારે ગર્ભાશય હોય તો તમારા GP અથવા પ્રેક્ટિસ નર્સ તમારા માટે એપોઇન્ટમેન્ટ ગોઠવી શકે છે. જો તમે ટ્રાન્સ મહિલા (Trans Woman) છો તો તમારે સર્વિકલ સ્ક્રિનિંગની જરૂર નથી.

# સર્વિકલ કેન્સર

સર્વિકલ કેન્સર ત્યારે થાય છે જ્યારે સર્વિક્સમાં કોષો વધે છે અનિયંત્રિત રૂપે અને એક ગાંઠ (જેને ટ્યુમર પણ કહેવામાં આવે છે) જેવો બની જાય છે. જેમ જેમ ગાંઠ વધે છે તેમ, કોષો આખરે શરીરના અન્ય ભાગોમાં ફેલાય છે અને જીવનને જોખમી બનાવે છે.

તમારું સર્વિક્સ એ તમારા ગર્ભાશયની સૌથી નીચલું ભાગ છે, અને તે તમારા યોનિની ટોચ પર જોવા મળે છે.




આ આકૃતિ સ્ત્રી પ્રજનન પ્રણાલી દર્શાવે છે. સર્વિક્સ યોનિની ટોચ પર છે.

# HPV અને સર્વિકલ કેન્સર

લગભગ બધા સર્વિકલ કેન્સર માનવ પેપિલોમાવાયરસ (HPV) નામના વાયરસના કારણે થાય છે.

HPV એ ખૂબ જ સામાન્ય છે. મોટાભાગના લોકો તેમના જીવનમાં કોઈક સમયે આ વાયરસ મેળવી લેશે. તે કોઈ પુરુષ અથવા સ્ત્રી સાથેની જાતિય પ્રવૃત્તિ દરમિયાન નજીકથી ત્વચાની ત્વચાથી સંપર્ક થતા ફેલાય છે. HPV ઘણા વર્ષો માટે શરીરમાં રહી શકે છે. તે ખૂબ ઓછા અથવા પકડાઈ શકે નહી એવા સ્તર પર રહી શકે છે અને કોઈ સમસ્યા ઊભી કરતું નથી. આનો અર્થ એ છે કે કદાચ લાંબા સમય પહેલા ભાગીદાર તરફથી HPV ચેપ લાગ્યું હોય તે સંભવ છે.

HPV ના ઘણા જુદા જુદા પ્રકાર છે, પરંતુ એમાંથી માત્ર થોડાક ઉચ્ચ-જોખમ પ્રકારો જ કેન્સર તરફ દોરી શકે છે. HPV ના જે પ્રકાર થી સર્વિકલ કેન્સર થાય છે એના કોઈ લક્ષણો નથી. મોટાભાગના કિસ્સાઓમાં, તમારી રોગપ્રતિકારક શક્તિ તમને જાણ થયા વગર પોતે જ વાયરસથી છુટકારો મેળવી શકે છે. પરંતુ ક્યારેક એવું થઇ શકે કે, HPV તમારા સર્વિક્સમાં કોશિકાઓને અસામાન્ય બનાવી શકે છે.

તમારું શરીર સામાન્ય રીતે અસામાન્ય કોષોથી છુટકારો મેળવી શકે છે અને તમારા સર્વિક્સ સામાન્ય થઇ જાય છે. પણ કેટલીક વખતે આવું ન પણ બને, અને અસામાન્ય કોષો કેન્સરમાં વિકસિત થઈ શકે છે.

# જે તમારામાં સર્વિકલ કેન્સર થવાની સંભાવનાને અસર કરે છે

સર્વિકલ સ્ક્રીનીંગ થવાથી સર્વિકલ કેન્સર થવાની શક્યતા ઓછી થાય છે. સ્ક્રિનિંગ અસામાન્ય કોષો શોધી લે છે જેથી તેઓ કેન્સર બને તે પહેલાં તેને દૂર કરી શકાય છે.

HPV આખા જનનાંગના વિસ્તારની આસપાસની ચામડી પર જોવા મળે છે અને કોઈપણ પ્રકારનાં લૈંગિક પ્રવૃત્તિ થી ફેલાઈ શકે છે. આનો અર્થ એ છે કે કોન્ડોમ અથવા ડેન્ટલ ડેમ્સ ચેપને રોકવામાં મદદ કરી શકે છે, પરંતુ તેઓ HPVથી સંપૂર્ણ રક્ષણ પૂરું પાડતા નથી.

ધુમ્રપાન સર્વિકલ કેન્સરનું જોખમ વધારે છે કારણ કે તે તમારા શરીર માટે HPV ચેપથી મુક્ત થવા વધુ મુશ્કેલ બનાવે છે. ધૂમ્રપાન અટકાવવા વિશેની માહિતી અહીં ઉપલબ્ધ છે www.nhs.uk/smokefree

HPV રસીકરણ ઉચ્ચ જોખમવાળા એવા HPV ના પ્રકારો સામે રક્ષણ આપે છે જે સર્વિકલ કેન્સરનું કારણ બને છે. જો તમે HPV રસીકરણ કરાવ્યું હોય તો પણ તમને સર્વિકલ સ્ક્રિનિંગ ના આમંત્રણ ને ધ્યાનમાં લેવાની જરૂર રહેશે. આ એવા અન્ય ઉચ્ચ જોખમવાળા HPV પ્રકારો તપાસવા માટે છે જે સર્વિકલ કેન્સર તરફ દોરી શકે છે.

સર્વિકલ કેન્સરનું કૌટુંબિક ઇતિહાસ હોવાને કારણે સર્વિકલ કેન્સર વિકસાવવાની તમારી તકો પર અસર થતી નથી.

## સર્વિકલ સ્ક્રિનિંગ કેવી રીતે કાર્ય કરે છે

સર્વિકલ સ્ક્રિનિંગ કેન્સર માટેનો પરીક્ષણ નથી. તે સર્વિક્સમાં અસાધારણ કોશિકાઓ જોવા માટે કરાય છે. અસામાન્ય કોશિકાઓનો જો સારવાર ન થાય તો જ કેન્સર થઈ શકે છે.

પરીક્ષણમાં તમારા સર્વિક્સની સપાટીથી કોશિકાઓનો નાનો નમૂનો લેવા માટે સોફ્ટ બ્રશનો ઉપયોગ કરવો શામેલ છે. નમૂનાઓને નાના પ્લાસ્ટિકના કન્ટેનરમાં રાખી ને પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. તેના થી HPVના એવા પ્રકારો ના પરીક્ષણ કરવામાં આવે છે જે સર્વિકલ કેન્સરનું કારણ બની શકે છે.  જો તમને સર્વિકલ કેન્સરનું કારણ બનતું HPVના સૌથી સામાન્ય પ્રકારોનું નકારાત્મક પરિણામ આવે છે, તો તમને સર્વિકલ કેન્સરનું જોખમ ઘણું ઓછું છે અને અસામાન્ય કોશિકાઓ તપાસવાની જરૂર નથી, પછી ભલે તમે એ ભૂતકાળમાં થયુ હોય.

જો તમારું નમૂનાઓના HPV માટે હકારાત્મક પરિણામ હોય તો અમે અસામાન્ય કોશિકાઓ માટે નમૂનાને તપાસ કરીશું. અસામાન્ય કોશિકાઓ એ કેન્સર નથી, પરંતુ જો સારવાર ન લેવાય તો તેઓ કેન્સરમાં વિકસી શકે છે.

આગામી પગલા તરીકે, તમારા સર્વિક્સને વધુ નજીકથી જોવા માટે અમે તમને બીજુ પરીક્ષણ (જેને કોલપોસ્કોપી કહેવામાં આવે છે) ના પ્રસ્તાવ આપી શકીએ છીએ. જો અમને કોલપોસ્કોપી દરમિયાન અસામાન્ય કોશિકાઓ મળતી હોય તો અમે તમને કોશિકાઓ દૂર કરાવવા માટે સૂચવી શકીએ છીએ. તો આ રીતે સ્ક્રિનિંગ સર્વિકલ કેન્સરને અટકાવી શકે છે.

કોઈ સ્ક્રીનીંગ ટેસ્ટ 100% અસરકારક નથી. સર્વિકલ સ્ક્રિનિંગમાં આવું બને કારણ કે:

- HPV ચેપ અથવા અસાધારણ કોશિકાઓ ક્યારેક પરીક્ષણમાં ચૂકી શકે છે ('ખોટા નકારાત્મક' પરિણામ)
- અસામાન્ય કોષો સ્ક્રીનીંગ પરીક્ષણો વચ્ચે કેન્સરને વિકસિત કરી શકે અને એમાં ફેરવાઈ શકે છે.
- ત્યાં એક ઓછી તક રહેલી છે કે પરિણામ એમ કહે કે ગર્ભાશય સામાન્ય હોય પરંતુ ત્યારે અસામાન્ય કોષો મળી આવે છે ('ખોટી હકારાત્મક' પરિણામ)

જો સ્ક્રીનીંગમાં અસામાન્ય કોષો શોધી ના શકાયું હોય, તો તે ગેરેંટી આપતું નથી કે તમારામાં તે નથી, અથવા તે ભવિષ્યમાં ક્યારેય વિકસિત થશે નહીં.

# સર્વિકલ સ્ક્રિનિંગ કરાવવું

## તમારી એપોઇન્ટમેન્ટ થી પહેલાં

સર્વિકલ સ્ક્રીનીંગ સામાન્ય રીતે મહિલા નર્સ અથવા ડૉક્ટર દ્વારા કરવામાં આવે છે. જો તમે આ ખાતરી કરવા માંગો છો કે કોઈ સ્ત્રીજ તમારુ પરીક્ષણ કરે, તો તમે જ્યારે તમારી એપોઇન્ટમેન્ટ લો ત્યારે આના માટે કહી શકો છો.

તમારી એપોઇન્ટમેન્ટ તે દિવસે જ લો જ્યારે તમારી માહવારી ન હોય. જો તમારી માહવારી ન હોય, તો તમે કોઈપણ સમયે સ્ક્રીનીંગ કરાવી શકો છો.

કૃપા કરીને તમારી પરીક્ષણના પહેલાં 2 દિવસમાં કોઈપણ યોની સંબંધી દવાઓ, લ્યુબ્રિકન્ટ્સ અથવા ક્રિમનો ઉપયોગ કરશો નહીં કારણ કે તે પરિણામોને અસર કરી શકે છે.

કૃપા કરીને તમારી નર્સ અથવા ડૉક્ટર સાથે વાત કરો જો તમે:

- ગર્ભવતી છો.
- હિસ્ટરેક્ટમી કરાવેલો છો.
- લાગે છે કે તમારા માટે પરીક્ષણ કરવું મુશ્કેલ રહેશે.

જો તમે સ્ક્રિનિંગ વિશે નર્વસ હો તો તમે તમારા નર્સ અથવા ડૉક્ટર સાથે વાત કરી શકો છો. તેઓ તમારી કોઈપણ પ્રશ્નો અથવા ચિંતાઓ વિશે વાત કરી શકે છે. જો તમે સ્ક્રીનીંગ સાથે આગળ વધવાનો નિર્ણય કરો છો, તો તેઓ વધુ આરામદાયક અનુભવવામાં તમારી સહાય કરવા માટે જરૂરી ગોઠવણો કરી શકે છે.


## તમારી મુલાકાત વખતે

વાસ્તવિક પરીક્ષણમાં માત્ર 1 થી 2 મિનિટ લાગે છે. સંપૂર્ણ મુલાકાતમાં સામાન્ય રીતે આશરે 10 મિનિટ લાગે છે.

નર્સ અથવા ડૉક્ટર તમને કમરથી નીચે પહેરેલા વસ્ત્રો કાઢવા માટે કહેશે (અથવા જો તમે છૂટક સ્કર્ટ પહેરી રહ્યા હોય તો તમારા અંડરવેર કાઢી શકો છો) અને તમારા ઘૂંટણ વલણ કરીને પથારીમાં સોવા પડશે. તમારા પેટ અને નિતંબોને આવરી લેવા માટે તમને કાગળની શીટ અથવા ટુવાલ મળશે.

તે તમારી યોનિમાં એક ડિવાઈસ જે સ્પેક્યુલમ કહેવામાં આવે છે તે મુકશે અને એને ધીમેથી ખોલશે. આના થી તે તમારા સર્વિક્સ જોઈ શકશે. સ્પેક્યુલમ સામાન્ય રીતે પ્લાસ્ટિકનું બનેલા હોય છે અને દરેક પરીક્ષણ માટે નવુંજ વપરાય છે. એના પછી નર્સ અથવા ડૉક્ટર તમારા સર્વિક્સની સપાટી પરથી કોશિકાઓનો નમૂનો લેવા માટે નાના સોફ્ટ બ્રશનો ઉપયોગ કરશે. તમને અસુવિધાજનક લાગી શકે છે, પરંતુ આ ઝડપથી દૂર થવું જોઈએ. જો તે પીડાદાયક લાગે, તો નર્સ અથવા ડૉક્ટરને કહો અને તેઓ તમારા માટે તેને વધુ આરામદાયક બનાવવાનો પ્રયાસ કરશે.

તમે તમારી સ્ક્રીનીંગ એપોઇન્ટમેન્ટના નિયંત્રણ રાખો છો, અને તમે કોઈપણ સમયે તેને રોકવા માટે કહી શકો છો.




© જો સર્વિકલ કેન્સર ટ્રસ્ટ

**આકૃતિ દર્શાવે છે કે કેવી રીતે સર્વિકલની સ્ક્રીનીંગમાં સ્પેક્યુલમ અને નાના સોફ્ટ બ્રશનો ઉપયોગ કરીને નમૂના લેવામાં આવે છે.**

# સર્વિકલ સ્ક્રિનિંગ પરિણામો

પછી નર્સ અથવા ડૉક્ટર તમને જણાવશે કે તમે તમારા પરિણામો ની અપેક્ષા ક્યારે રાખી શકો. એમાં 4 સંભવિત પરિણામો થઇ શકે છે:

### 1. HPV **નકારાત્મક**

HPV નકારાત્મક પરિણામનો અર્થ એ છે કે અમે આગળ કોઈ પરીક્ષણો નહીં કરીશું. આ પરિણામનો અર્થ એ છે કે તે ખૂબ અશક્ય છે કે તમને કોઈ અસામાન્ય સર્વિકલ કોશિકાઓ હશે. જો તમારા માં હોય તો પણ, તે ખૂબ અશક્ય છે કે તેઓ કોઈ સમસ્યા ઊભી કરશે. અમે તમને ફરીથી 3 અથવા 5 વર્ષનાં સમયમાં(તમારી ઉંમરના આધારે) ફરીથી તપાસ કરવા માટે કૉલ કરીશું.

### 2. HPV હકારાત્મક: કોઈ અસામાન્ય કોશિકાઓ નહીં


જો તમારું સેમ્પલ HPV પોઝિટિવ હોય તો અમે અસામાન્ય સર્વિકલ કોષો માટે પણ તેની ચકાસણી કરીએ છીએ. જો કાંઇક ન મળે, તો તમારું પરિણામ કહેશે કે તમને HPV છે, પરંતુ અસામાન્ય કોષો નથી. અમે તમને સામાન્ય કરતાં પેલા ફરીથી સ્ક્રીનિંગ માટે આવવા માટે કહીશું (જે તમારા પરિણામ ઉપર આધારિત રહેશે). આનાથી અમે તમારી રોગપ્રતિકારક શક્તિ HPVથી છુટકારો મેળવી શકી છે (એવા મોટા ભાગના કિસ્સાઓમાં થાય છે) કે નહીં તે ચકાસી શકીએ છીએ.

### 3. HPV હકારાત્મક હોય: અને અસાધારણ કોશિકાઓ મળી હોય

અસામાન્ય કોશિકાઓના કેટલાક 'ગ્રેડ' કરાયેલા છે કારણ કે એમાં થી કેટલાક અન્ય કરતા વધુ ગંભીર હોય છે. તમારો પરિણામ પત્ર સમજાવશે કે તમારા પરિણામોનો અર્થ શું છે. જો તમને HPV અને કોઈ પણ ગ્રેડ નો અસામાન્ય સર્વિકલ કોશિકાઓનો હોય તો અમે તમને કોલપોસ્કોપી માટે રેફર કરીશું (જુઓ પાનું 11). અમે તમને અમારી માહિતી પત્રિકા 'NHS સર્વિકલ સ્ક્રિનિંગ - કોલપોસ્કોપી કરાવવું' મોકલીશું.

### 4. અપર્યાપ્ત પરિણામ

ક્યારે એવો થઇ શકે કે નમૂનો 'અપર્યાપ્ત' કહેવામાં આવે. આ એક તકનીકી સમસ્યાને લીધે થઈ શકે છે, ઉદાહરણ તરીકે જો પ્રયોગશાળા તમારા નમૂનામાંથી HPV પરીક્ષણ પરિણામ મેળવી શકતું ના હોય અથવા અસામાન્ય કોષો હાજર છે કે નહીં તે જોઈ શકતા ના હોય. જો તમારો પરીક્ષણ અપૂરતું હોય, તો અમે તમને 3 મહિનાના સમયમાં ફરીથી સર્વાઇકલ સ્ક્રીનીંગ કરાવવા માટે કહીશું. અમે રાહ જોઈશું કે જેથી નમૂના મેળવવા માટે ફરીથી કોષો થઇ જાય.




આકૃતિ સર્વાઇકલ સ્ક્રિનિંગ કરાવેલું પ્રત્યેક 100 લોકો માટેનાં પરિણામો દર્શાવે છે.

## સ્ક્રીનીંગ પછી નમૂનાઓના શું થાય છે

તમારા સ્ક્રીનીંગ પરિણામના આધારે તમારા સ્ક્રીનીંગ નમૂના પ્રયોગશાળા દ્વારા ઓછામાં ઓછા 10 વર્ષ સુધી રાખી શકાય છે. તમારું પરિણામ રાષ્ટ્રીય સ્તરે સલામત કમ્પ્યુટર સિસ્ટમ ઉપર રાખવામાં આવશે જેથી NHS તમારુ વર્તમાન પરિણામો ના તમારા છેલ્લા પરિણામથી તુલના કરી શકે.

જાહેર સ્વાસ્થ્ય ઇંગ્લેંડ અને NHS કેવી રીતે તમારી સ્ક્રીનિંગ માહિતીનો ઉપયોગ કરે છે અને તેની સુરક્ષા કરે છે તે જાણો: www.gov.uk/phe/screening-data

## કોલપોસ્કોપી

કોલપોસ્કોપી સામાન્ય રીતે એક હોસ્પિટલ ક્લિનિકમાં કરવામાં આવે છે. એક નિષ્ણાત પ્રકાશ ('કોલપોસ્કોપ') સાથે મેગ્નિફાઇંગ લેન્સનો ઉપયોગ કરીને તમારા સર્વિક્સ પર નજીકનો દેખાવ કરશે. અસામાન્ય લાગતું હોય તેવા તમારા સર્વિક્સના કોઈપણ વિસ્તારને તપાસવા માટે તેઓ નાના પેશી નમૂના (બાયોપ્સી) લઈ શકે છે. જો અસામાન્ય કોશિકાઓ ગંભીર હોય, તો તમારે તેમને દૂર કરવા માટે સારવારની જરૂર પડી શકે છે. આ સર્વિકલ કેન્સરને રોકવામાં મદદ કરે છે.

તમે અમારા પત્રિકામાં કોલપોસ્કોપી વિશે વધુ વાંચી શકો છો, અહિયાં: www.gov.uk/government/publications/cervical-screening-colposcopy

# સર્વાઇકલ સ્ક્રિનિંગના શક્ય ફાયદો અને જોખમો

સર્વાઇકલ સ્ક્રિનિંગ કરાવવું તે તમારી પસંદગી છે. તમને નિર્ણય લેવા માટે, અમે શક્ય લાભો અને જોખમો અંગેની માહિતી શામેલ કરી છે.

## સંભવિત લાભો

સર્વિકલ સ્ક્રીનીંગ સર્વિકલ કેન્સરને રોકવામાં મદદ કરે છે. સર્વિકલ સ્ક્રીનીંગ યુકેમાં દર વર્ષે સર્વિકલ કેન્સરથી હજારો જીવો બચાવે છે. [1,2]

## સંભવિત જોખમો

સર્વિકલ સ્ક્રીનીંગનું મુખ્ય જોખમ કોલપોસ્કોપી દરમિયાન અસામાન્ય કોષોને દૂર કરવાથી આવે છે અને સ્ક્રીનિંગ પરીક્ષણથી નહીં. અસામાન્ય કોષોને દૂર કરવાથી ક્યારેક રક્તસ્રાવ અથવા ચેપ લાગી શકે છે, અને તે ભાવિ ગર્ભાવસ્થાને પણ અસર કરી શકે છે. અસામાન્ય કોષો દૂર કર્યા પછી ગર્ભવતી થતી મહિલાઓએ જો પ્રમાણભૂત સારવાર લીધેલી હોય તો  તેમના બાળક સમય થી પહેલા થવાનું જોખમ વધતું  **નથી** . જો વધારે સર્વિકલ ટીશ્યુને દૂર કરવાની જરૂર હોય તો, સ્ત્રીઓમાં તેમના બાળક સમયથી 1 થી 2 મહિના પેલા  થાય એની સંભાવના વધે છે. આ એવા 16% સ્ત્રીઓ (100 માં 16) ને અસર કરી શકે છે જેમણે એની વધુ વ્યાપક સારવાર લીધી હોય અને પછી બાળક ધરાવે.[4]

અસામાન્ય કોષો દૂર કરાવનાર દરેકને સર્વિકલ કેન્સર થાય એવું જરૂરી નથી. અમે ગંભીર અસાધારણ કોશિકાઓવાળા દરેકને સારવાર ના પ્રસ્તાવ આપીએ છીએ કારણ કે  એવા કઈ કેસમાં સર્વિકલ કેન્સર થશે અને કઈ કેસ માં નહી તે કહેવાનું શક્ય નથી.

# સર્વિકલ કેન્સરના લક્ષણો

તમારા નિયમિત સ્ક્રિનિંગ પરીક્ષણો વચ્ચે કેન્સર વિકસિત થવાનું શરૂ કરી શકે છે. તમારા માટે અસામાન્ય હોય એવા કંઈપણ જોવાનું મહત્વપૂર્ણ છે, ખાસ કરીને:

- માહવારી વચ્ચે, સેક્સ દરમિયાન અથવા પછી, અથવા મેનોપોઝ પછી રક્તસ્ત્રાવ
- યોની સ્રાવમાં ફેરફારો

**સ્ક્રીનીંગ એ લક્ષણોના તપાસની ચકાસણી નથી.**

જો તમારામા આમાંના કોઈપણ ફેરફારો હોય, તો તમારી આગામી સર્વિકલ સ્ક્રીનીંગ એપોઇન્ટમેન્ટની રાહ જોશો નહીં. તમારા GP ને શક્ય તેટલી વહેલી તકે મળો. તમારું GP તમારી તપાસ કરી શકે છે અને જો જરૂરી હોય તો તમને એક સ્ત્રીરોગવિજ્ઞાન ક્લિનિક માટે રેફર કરી શકે છે.

સામાન્ય રીતે આ લક્ષણો નો અર્થ એવો નથી છે કે તમને કેન્સર છે. પરંતુ જો તમારામાં કેન્સર મળ્યું હોય અને તેના નિદાન અને વહેલી સારવાર કરવામાં આવે તો તેનો અર્થ એ છે કે તમારા જીવિત રહેવાની શક્યતા વધુ છે.

# વધુ માહિતી અને સહાય

જો સર્વિકલ સ્ક્રીનીંગ વિશે તમને કોઈ પ્રશ્નો હોય, તો તમે તમારા GP, પ્રેક્ટિસ નર્સ સાથે વાત કરી શકો છો અથવા સ્થાનિક ગર્ભનિરોધક / જાતીય સ્વાસ્થ્ય ક્લિનિકની મુલાકાત લઈ શકો છો.

સર્વિકલ સ્ક્રીનીંગ વિશે વધુ માહિતી અહીં છે:
www.nhs.uk/cervical

કોલપોસ્કોપી વિશે વધુ માહિતી માટે, અમારી પત્રિકા અહીં જુઓ:
www.gov.uk/government/publications/cervical-screening-colposcopy

સ્ક્રીનીંગને નાપસંદ કરવા માટે, જુઓ:
www.gov.uk/phe/screening-opt-out

# «સંદર્ભો»

1. **પેટો, આર અને અન્યો** (2004). **સર્વિકલ કેન્સર રોગચાળો કે જે યુકેમાં સ્ક્રીનીંગથી અટક્યો છે**. Lancet 35, 249–256.

2. **કાસ્ટનન, એ અને અન્યો** (2017). **પ્રાથમિક માનવ પેપિલોમાવાયરસ પરીક્ષણ દ્વારા ઇંગ્લેંડમાં સર્વાઇકલ કેન્સરની ઘટનાઓને કેટલું ઘટ્યું છે? જર્નલ ઓફ મેડિકલ સ્ક્રિનિંગ વોલ્યુમ**. 24, (2) 110-112.

3. **જાહેર આરોગ્ય ઇંગ્લેન્ડ. આરોગ્ય બાબતો: સર્વિકલ સ્ક્રિનિંગને વધુ સુલભ બનાવતો** (2017). 14/03/2019 **ને એક્સેસ કર્યાં**.
www.gov.uk/government/publications/health-matters-making-cervical-screening-more-accessible/health-matters-making-cervical-screening-more-accessible--2

4. **સસીએની, પી અને અન્યો** (2015). **સર્વિકલ ની બિમારી માટે સર્જિકલ સારવાર બાદ સમયથી પેલા જન્મનું જોખમ: તાજેતરના પરિષદના કાર્યકારી સારાંશ. બ્રિટીશ જર્નલ ઓફ ઑબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી** 123: 1429-1429.

## આ પત્રિકાનું HTML સંસ્કરણ ઉપલબ્ધ છે. તમે એને મોટા પ્રિન્ટમાં જોઈ અને ડાઉનલોડ કરી શકો છો, અને ઑડિઓ સંસ્કરણ માટે સ્ક્રીન રીડરનો ઉપયોગ કરી શકો છો. મુલાકાત લો:

## www.gov.uk/phe/cervical-screening-leaflet

## અમે બ્રેઇલ સંસ્કરણ ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. ઈમેઈલ:

## phe.screeninghelpdesk@nhs.net

ઈમેજ ક્રેડિટ
કવર ઈમેજ: Shutterstock/Rawpixel.com
પૃષ્ઠ 8: જો સર્વિકલ કેન્સર ટ્રસ્ટ

તમે કોઈપણ ફોર્મેટ અથવા માધ્યમમાં આ માહિતી (લૉગોને સિવાય) નિ:શુલ્ક ઉપયોગ કરી શકો છો. ઓપન ગવર્નમેન્ટ લાઇસન્સ v3.0 ની શરતો હેઠળ. જ્યાં અમે કોઈ તૃતીય પક્ષની કૉપિરાઇટ માહિતી ઓળખીએ, ત્યારે તમારે સંબંધિત કૉપિરાઇટ ધારકોની પરવાનગી મેળવવી પડશે.

PHE પ્રકાશનનો ગેટવે નંબર: GW-339

**પ્રથમ પ્રકાશન:**જૂન 2019
**આ સંસ્કરણ:**જૂન 2019
**સમીક્ષા થવાની છે એ તારીખ:**જૂન 2022

**પત્રિકાનું સંદર્ભ:** CSP14
PN2464547.
© ક્રાઉન કોપીરાઇટ 2019

Corporate member of Plain English Campaign
Committed to clearer communication
339

જાહેર આરોગ્ય ઇંગ્લેંડ એ
યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને સમર્થન આપે છે

SUSTAINABLE DEVELOPMENT GOALS